# માથાસુલીયા ગામેથી ચાર શખ્સો ડીઝલ ભરેલું ટેન્કર લઈ ફરાર

## પોલીસે ગુનો નોંધી ટેન્કર ચોરને પકડવા તજવીજ હાથ ધરી

હિંમતનગર, તા. ૧૧

અમદાવાદથી ડીઝલ લઈને ઉદેપુર તરફ જતાં ટેન્કર ચાલકને હિંમતનગરના માથાસુલીયા ગામ પાસે ચાર શખ્સોએ માર મારી ડીઝલ ભરેલુ આખેઆખુ ટેન્કર ચોરી કરી નાસી છુટયાની ઘટના બનતા ટેન્કરચાલકે આ બનાવની ફરિયાદ ગાંભોઈ પોલીસમથકે નોંધાઈ હતી જે અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ અમદાવાદના બારેજા વિસ્તારમાં આવેલા આઈ.ઓ.સી.ના વિતરણ કેન્દ્ર પરથી ટ્રાન્સપોર્ટર મુલાયમસિંહ શ્રીલલઈરામ યાદવનું ટેન્કર નંબર જીજે૧૬-વી-૫૬૯૯ ગત ગુરૂવાર રાત્રે ૧૨૦૦લીટર ડીઝલ રૂ. ૬.૬૦ લાખનું ભરી ટેન્કરનો ચાલક વિજયરામ ગજેન્દ્રરામ હરિજન ઉદેપુર જઈ રહ્યો હતો. દરમિયાન હિંમતનગર-શામળાજી હાઈવે પરથી ડીઝલ ટેન્કર પસાર થઈ રહ્યું હતું. ત્યારે માથાસુલીયા ગામ પાસે સફેદ કલરના આઈશર ટ્રકે ઓવરટેક કરી ટેન્કરને આંતરીને ઉભી રખાવી હતી. આઈશરમાંથી ચાર અજાણ્યા શખ્સો ઉતરી ટેન્કરના ડ્રાઈવરને નીચે ઉતારી હાથ-પગ બાંધીને મુઢ માર માર્યો હતો. અને રોડથી દૂર અવાવરૂ જગ્યાએ મુકી ડીઝલ ભરેલુ ટેન્કર લઈને ચાર ઈસમો પલાયન થઈ ગયા હતા. બનાવની જાણ ટેન્કરચાલકે ટ્રાન્સપોર્ટર મુલાયમસિંહને કરતાં તેમણે ગાંભોઈ પોલીસમથકે ડીઝલ સહિત ટેન્કર મળી કુલ રૂ.૧૧.૬૩ લાખની લુંટની ફરિયાદ નોંધાવતા ગાંભોઈ પી.એસ.આી. જે.આર.ઝાલા ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## અમદાવાદમાં ટ્રાફિક પોલીસને ઠંડી છાસનું વિતરણ કરાયુ

વૈશાખના આગમન સાથે જ અસહ્ય ઉષ્ણતામાને લોકોને પરશેવે રેબઝેબ કર્યા છે. એમાંયે હવામાનમાં ભેજનું પ્રમાણ વધતાં ઉકળાટ પણ વધ્યો છે. ત્યારે ભરબપોરે બળબળતા તાપમાનમાં ફરજ બજાવી રહેલા ટ્રાફિક પોલીસને છાસ પીવડાવીને એમના કોઠાને શીતળતા અપાવવાનો પ્રયાસ હ્યુમન રાઈટ્સ ફાઉન્ડેશન ઓફ ઈન્ડીયા દ્વારા કરવામાં આવ્યો હતો. હ્યુમન રાઈટ્સ ફાઉન્ડેશન ઓફ ઈન્ડીયાના ડાયરેક્ટર એસ.સી. તિવારીએ જણાવ્યું હતું કે ભરબપોરે ફરજ બજાવતા ટ્રાફિક પોલીસને સહાયરૂપ થવાનો પ્રયાસ કર્યોછે. અમદાવાદ શહેરમાં આજે ફાઉન્ડેશનના કાર્યકરોએ શાસ્ત્રીનગરથી શરૂઆત કરીને એસ.જી. હાઈવે, પ્રહલાદનગર, કર્ણાવતી ક્લબ, બોડકદેવ, જજીસ બંગલા, માનસી ટાવર, શિવરંજની, નહેરુનગર, આંબાવાડી, ખમાસા, સારંગપુર, કાળુપુર સર્કલ, ગીતામંદિર, એસ.ટી. સ્ટેન્ડ વગેરે વિસ્તારમાં ટ્રાફિક પોલીસને છાસનું વિતરણ કરવામાં આવ્યું હતું.

## વિહપના આંતરરાષ્ટ્રીય કાર્યકારી અધ્યક્ષ ડૉ. પ્રવિણ તોગડીયા ખેડબ્રહ્માની મુલાકાતે

ખેડબ્રહ્મા, તા. ૧૧

૧૧મે શનિવારના રોજ ખેડબ્રહ્મા ખાતે ડૉ. પ્રવિણ તોગડીયાની વિહપના કાર્યકરોની બેઠક મળી હતી.

શનિવારના રોજ સવારે અંબાજીથી નિકળી ખેડબ્રહ્મા ખાતે આવી પહોંચેલા વિહપના આંતરરાષ્ટ્રીય કાર્યકારી અધ્યક્ષ ડૉ. પ્રવિણ તોગડીયા સાથે મીટીંગ મળી હતી. જેમાં તેમણે વિહપને વધુ સંગઠીત કરવા કહ્યું હતું.

ત્યારબાદ ડૉ. પ્રવિણ તોગડીયાની ખેડબ્રહ્માના પ્રબુધ નાગરિકો સાથે બેઠક મળી હતી જેમાં ડૉક્ટર, વકીલ, સમાજસેવકો સહીત વરીષ્ઠ નાગરીકો ઉપસ્થિત રહ્યા હતા. ડૉ. પ્રવિણ તોગડીયાએ વિ.હ.પની ચાલતી કેટલીક સેવાઓની વિસ્તૃત માહિતી પુરી પાડી હતી જેમાં હિન્દુ હેલ્પ લાઈન, ગરીબોને મદદ કરવી, પશુ-પંખી માટે પાણી, ઘાસચારાની વ્યવસ્થા કરવી વગેરે વિશે માહિતી પુરી પાડી હતી ત્યાર બાદ તેમણે જણાવ્યું હતુ કે, વિશ્વભરમાં હિન્દુઓની સ્થિતિ કથડી રહી છે, ભલે તે રાજકીય, સામાજીક કે પછી આર્થિક સ્થિતિ હોય દરેક ક્ષેત્રમાં હિન્દુઓએ પાછળ પડતા જાય છે. હિન્દુ પર થઈ રહેલા અત્યાચાર અને ધર્માંતર અટકાવવા હિન્દુએ એકઠા થઈ કામ કરવુ પડશે આ સભામાં ધર્મેન્દ્ર ભાવાણી, જીતુભાઈ, શામળભાઈ પટેલ, બાબુભાઈ પટેલ સહિત મોટી સંખ્યામાં કાર્યકર્તા હાજર રહ્યા હતા.

# કીડનીના દર્દીઓ માટે મહેસાણાનું હીમો ડાયાલીસીસ આર્શીવાદરૂપ

મહેસાણા, તા.૧૧

મહેસાણાની સિવિલ હોસ્પિટલમાં આજે હીમો ડાયાલીસીસ સેન્ટર-બાલસંજીવની કેન્દ્ર અને નર્સિંગ હોસ્ટેલ એમ ત્રિવિધ કેન્દ્રોનું લોકાર્પણ રાજયના નાણાં અને આરોગ્ય મંત્રીશ્રી નીતિનભાઈ પટેલે કર્યું હતું. આ પ્રસંગે બોલતાં તેમણે કહ્યું કે, મહેસાણા ખાતે જે આરોગ્ય વિષયક સેવાઓનો પ્રારંભ થઈ રહ્યો છે. તેનો લાભ ઉત્તર ગુજરાતના સાબરકાંઠા, બનાસકાંઠા, પાટણ, મહેસાણા ઉપરાંત રાજસ્થાનના દર્દીઓને પણ મળશે.

આરોગ્ય મંત્રીશ્રી નીતિનભાઈ પટેલે સમગ્ર ઉત્તર ગુજરાત, રાજસ્થાન સહિત આ વિસ્તારની આરોગ્ય વિષયક સેવાઓના મળનાર લાભોની જાહેરાત કરતાં જણાવ્યું કે, મહેસાણામાં ૧૦ પથારી ૧૦ ડાયાલીસીસ મશીન તેમજ અદ્યતન સુવિધા સાથે રૂપિયા ૧.૫૦ કરોડના ખર્ચે નિર્મિત હીમોડાયાલીસ સેન્ટરનો આજથી જ પ્રારંભ થઈ રહ્યો છે.

આગ તેમજ અન્ય પદાર્થોથી દાઝી ગયેલા દર્દીઓને તત્કાલ સારવાર મળે તે માટે મહેસાણા સિવિલ હોસ્પિટલ ખાતે રૂપિયા ૧ કરોડના ખર્ચે ૧૦ પથારીવાળો સ્પેશ્યલ બર્ન્સ વોર્ડ પણ બનાવવામાં આવશે.

માનસિક રોગો ગાંડપણ પાગલપન જેવા વિવિધ રોગોનો ભોગ બનેલા દર્દીઓને સમયસર યોગ્ય સારવાર મળી રહે તે માટે ૫૦ પથારીની રૂપિયા બે કરોડના ખર્ચે મેન્ટલ સારવાર વોર્ડ બનાવવામાં આવશે. મંત્રીશ્રીએ કહ્યું કે એક અંદાજ મુજબ મહેસાણામાંથી બે હજાર જેટલા દર્દીઓને માનસિક સારવાર મેળવવા માટે અમદાવાદ જવું પડે છે.

ગરીબ દર્દીઓને કીડનીની સારવાર માટે મહેસાણા આશીર્વાદરૂપ બનશે તેમ જણાવી મંત્રીશ્રી પટેલે કહ્યું કે ગરીબોને, મધ્યમવર્ગના લોકોને સસ્તી, ઝડપથી, નજીકમાં અથવા તો સમયસર આરોગ્ય સેવા મળી રહે તેવું આયોજન કર્યું છે. ભૌતિક વિકાસની સાથે નાગરિકોનો વિકાસ કરવો એ માટે રાજય સરકાર કટિબધ્ધ છે. ખૂબ જ નજીવા ખર્ચે લોકોને કીડની ડાયાલીસીસનો લાભ મળશે. ગરીબ પછાત વર્ગોના બાળકોને પણ યોગ્ય સારવાર મળે તે માટે બાલસંજીવની કેન્દ્ર શરુ કરવામાં આવ્યું છે. સમાજમાં આરોગ્ય સેવાઓને વિસ્તારવા માટે જેટલી જરૂરિયાત તબીબોની છે તેટલી જ જરૂરિયાત નર્સિંગની સેવાઓની પણ છે. બહેનો મહેસાણાની હોસ્ટેલમાં રહીને નર્સિંગનો ઉત્તમ અભ્યાસ કરી શકે તે માટે નર્સિંગ હોસ્ટેલને પણ લોકસમર્પિત કરવામાં આવી છે.

રાજય સરકારના ગૃહ રાજયમંત્રીશ્રી રજનીકાન્ત પટેલે પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું કે આરોગ્ય એ માનવજીવન માટે સૌથી મહત્વનું છે. શરીર સ્વાસ્થ્ય માટે જરુરી એવી તમામ સેવાઓ ગરીબ દર્દીઓને ઘેર બેઠાં સ્થાનિક કક્ષાએ મળે એ આવશ્યક છે.

લોકસભાના સદસ્ય કુ. અલકાબેન ક્ષત્રિય એ રાજસ્થાન સુધીના દર્દીઓને મળનાર આરોગ્યવિષયક સેવાઓને બિરદાવી હતી. મહેસાણા મેડીકલ હબ બની રહ્યું છે. જયશ્રીબેન પટેલ તથા નટુજી ઠાકોરે પ્રાસંગિક પ્રવચન કર્યા હતાં.

કીડની હોસ્પિટલના નિયામક ડૉ. એચ.એ. ત્રિવેદીએ અનુભવ આધારિત હીમોડાયાલીસસની કામગરીની ઝીણવટભરી વિગતો આપી હતી.

સિવીલ સર્જન ડૉ. ઉપેન્દ્ર બી. ગાંધીએ કાર્યક્રમના પ્રારંભે સ્વાગત પ્રવચનમાં સિવિલ હોસ્પિટલમાં અપાઈ રહેલી આરોગ્ય વિષયક સેવાઓની રૂપરેખા આપી હતી.

## ગઢોડા ગામે રામદેવ પીરના ૨૧ જ્યોતિ પાઠ તેમજ સંતવાણીનો કાર્યક્રમ યોજાયો

પ્રાંતિજ, તા. ૧૧

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના ગઢોડા ગામે ગતરોજ રામદેવ પીર મહારાજનો ૨૧ જ્યોતિય પાઠ ગોરધનભાઈ નાયી પરિવાર દ્વારા પુરવામાં આવ્યો હતો. આ પાઠમાં હિંમતનગર, ભિલોડા, પ્રાંતિજ તાલુકાની ભજન મંડળીઓ દ્વારા સંતવાણીનો કાર્યક્રમ આવેલા સૌ ભક્તોને ભજનની મોજ માણી હતી.

આ કાર્યક્રમને અનુરૂપ જિલ્લાના નવ યુવાનો વ્યસન મુક્તિ તેમજ ભક્તિના રંગમાં રંગાઈ સમાજમાં નવ ચેતના જણાવવા તેમજ ભારતીય સંસ્કૃતિ તેમજ પ્રકૃતિના જતનના ગુણોનું જ્ઞાન આપવા માટે સંત લાલજી મહારાજ શામળાજી વાળા દ્વારા દિવ્ય સતસંગ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમજ ભગવાનદાસ ગુરૂ દ્વારા રામાપીરની અખંડ જ્યોત જલાવી પાઠ પુરાયો હતો.

લાલજી મહારાજ દ્વારા સમાજ સંપૂર્ણ વ્યસનમુક્ત બને તે માટે અમૃતજ્ઞાનનું ભાથુ ભરી પોતાની પેઢીને તારવાના પ્રયાસો કરે તે માટેની મિશાલ પેશવી જિલ્લાના મોટી ભાગના ગામડાઓમાં સતસંગ ભજન દ્વારા દિવ્ય ચેતનાનું કાર્ય સમાજમાં ઉમદાપણે થઈ રહ્યું છે. આ બાલ બ્રહ્મચાર્ય સાથે ભક્તિને સમાજ સેવા તરફ વરેલા લાલજી મહારાજ નાની વયથી 'જ્યાં રોટીનો ટુકડો ત્યાં હરી ઢુકડો'ના અહોભાવથી સદાવ્રતનું કાર્ય કરી ભૂખ્યા દુખ્યા જનોની જઠરાગની ઠારવાનું અમૂલ્ય કામ કરી રહ્યા છે.

## પ્રાંતિજ ખાતે રાષ્ટ્રીય કાનૂની શિબિર યોજાઈ

પ્રાંતિજ, તા. ૧૧

નામદાર રાષ્ટ્રીય કાનુની સેવા સત્તા મંડળ દિલ્હી નામદાર ગુજરાત રાજ્ય કાનુની સેવા સત્તા મંડળ હાઈકોર્ટ અમદાવાદના માર્ગદર્શનથી જિલ્લા કાનુની સેવા સત્તામંડળ હિંમતનગરના સહયોગથી તાલુકા કાનુની સેવા સમિતિ અને ગ્રાહક હિત સુરક્ષા મંડળ પ્રાંતિજના સંયુક્ત ઉપક્રમે ટ્યુડોર ઈન્ડીયા કંપની પ્રાંતિજ ખાતે ગતરોજ કામદારોની જાણકારી માટેની કાનુનિ શિક્ષણ શિબિર યોજાઈ હતી.

શિબિર દરમ્યાન પ્રાંતિજના સિનિયર એડવોકટ પ્રકાશકુમાર જોષી અને એડવોકેટ કીરીટકુમાર રોહિત ઉપસ્થિત રહીને કામદારોના કાયદાઓ અને તે દ્વારા મળતા કામદારોના અધિકારો વિશેની વિસ્તૃતમાં સમજ આપીને કામદાર જાગૃતિની સમજ રજુ કરેલ હતી. કામદારોને કામ કરતા વિવિધ ઈજાઓ થતી હોય છે. તેમાં વિવિધ આરોગ્યની જાળવણીમાં કયા પ્રકારની કાળજી લેવી પડે તેની ખૂબજ વિગતે માહિતી ડૉ. પાર્થ જોષીએ સમજાવી હતી. તાલુકા કાનુની સેવા સમિતિના સેક્રેટરી જી.કે. પંડ્યા દ્વારા કાનુની સેવા સમિતિના સેક્રેટરી જી.કે. પંડ્યા દ્વારા કાનુની સેવા સત્તામંડળ દ્વારા કયા કયા પ્રકારની સુવિધા મળે છે. કોને કેવી ફરીયાદોમાં સહાય મળી શકે તે વિગતો સમજાવી હતી.

ગ્રાહકહિત સુરક્ષા મંડળના પ્રમુખ નટુભાઈ બારોટે ગ્રાહકે સુરક્ષા ધારો અને મળેલ તેનો અધિકારો દ્વારા ગ્રાહકોમાં કયા પ્રકારની જનજાગૃતિ આવે અને બજારની ખરીદીમાં કયા પ્રકારની કાળજી રાખવી વગેરે માહિતીઓ સમજાવવામાં આવી હતી. આ શિબિરમાં ટ્યુડોર ઈન્ડીયા કંપનીના ડી.જી. એમ (ટેકનોલોજી) કે.બી. રવિન્દ્રનાથ ઉપસ્થિત રહીને કંપની દ્વારા કામદારોને મળતી સેવા, અધિકારો અંગેની વિગતો રજુ કરીને કામદારોને પુરી સ્વતંત્રતા આપવામાં આવે છે અને કામના સહ પ્રમાણમાં અને સરકારી દ્વારા ધોરણો પ્રમાણે તેમને વેતન આપવામાં આવે છે. માટે કામદારોનું પુરેપુરૂ સન્માન કરવામાં આવે છે તેમ જણાવવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ટ્યુડોર ઈન્ડીયા કંપનીના હિતેશ મોદી દ્વારા કરવામાં આવ્યું હતું.

## પાલનપુરમાં પરશુરામ જન્મોત્સવ નિમિત્તે વિવિધ કાર્યક્રમો યોજાશે

પાલનપુર, તા. ૧૧

પાલનપુરના અમીરરોડ પર આવેલ પંચરત્ન ખાતે સ્થિત પરશુરામ કાર્યાલયમાં આગામી પરશુરામ જન્મ જયંતિ મહોત્સવ સમિતિની બેઠક યોજાઈ હતી. જેમાં જન્મ જયંતિની ઉજવણી માટેના કાર્યક્રમોની રૂપરેખા અંગે ચર્ચા કરવામાં આવી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર બનાસકાંઠાના પાલનપુમાં આવેલ પરશુરામ કાર્યાલય ખાતે પરશુરામ પરિવાર અને સમસ્ત બ્રહ્મસમાજના પ્રમુખ હરેશભાઈ શર્મા, આદ્ય સ્થાપક ડામરાજી રાજગોર, ઉત્સવ સમિતિના કન્વીનર ભાવેશ રાવલ સહિત સમાજના અગ્રણીઓ હાજર રહ્યા હતા. આ બેઠકમાં ડામરાજી રાજગોરે આજે તા. ૧૨ મે ૨૦૧૩ના રોજ પરશુરામ ભગવાનની જન્મ જયંતિ નિમિત્તે અનેક કાર્યક્રમો યોજાશે, પૂર્વ મંત્રી જયનારાયણ વ્યાસના હસ્તે બ્રહ્મસમાજ કેરિયર એન્ડ કાઉન્સીલીંગ ઈન્સ્ટીટ્યૂટનું ઉદ્‌ઘાટન કરવામાં આવશે જ્યારે ગુજરાત રાજ્યના બ્રહ્મ સમાજના પ્રમુખ શૈલેષ જોષી, રાજેન્દ્રભાઈ જોષી તથા કનુભાઈ વ્યાસનું વિશિષ્ટ સન્માન કરવામાં આવશે. જ્યારે દિવસના અંતે લક્ષ્મણ ટેકરી માનસરોવર બાલાજી એન્કલેવ ખાતે ભક્તિ સંગીત સંધ્યા લોકડાયરો યોજાશે તેમ જણાવાયું હતું.

## ભિલોડા તાલુકાના મલાસા સીમ વિસ્તારમાં

# સુગર ક્વિન તડબુચનું ૮૦ એકર જમીનમાં ઉત્પાદન

## એક એકર દીઠ ૧૨૦૦ થી ૧૫૦૦ મણનું વિક્રમજનક ઉત્પાદન

(પ્રતિનિધિ ધ્વારા)　　ભિલોડા,તા.૧૧

ઉત્તર ગુજરાતમાં સાબરકાંઠા જીલ્લા સહિત ભિલોડા તાલુકાના ખેડુતો હંમેશાં પ્રગતિશીલ ખેડુતો તરીકે ગણાતા આવ્યા છે.ખેતીમાં અવનવા પ્રયોગો



કરવામાં ભિલોડા તાલુકાના જાગૃત ખેડુતો પાછળ રહેતા નથી.જેના પરીણામ સ્વરૂપે અદ્યતન ટેકનોલોજી ધ્વારા સાબરકાંઠા જીલ્લાના ધરતીપુત્રોએ ખેતી અને પશુપાલન ક્ષેત્રે કાઠું કાઢ્યુ છે.

ભિલોડા તાલુકાના અંતરીયાળ વિસ્તારમાં આવેલ મલાસા સીમવિસ્તારમાં ફળદ્રુપ ખેતીલાયક જમીનમાં સુગર ક્વિન બેબી તડબુચ વેરાયટીનું મબલક ઉત્પાદન થયેલ છે.ભિલોડા તાલુકાના મલાસા ગામના વતની લાલસિંહજી હિંમતસિંહજી ચૌહાણ, (સાબરકાંઠા જીલ્લા પંચાયત સદસ્ય)વિષ્ણુંકુવરબા ચૌહાણનો સુપુત્ર વીરભદ્રસિંહજી ચૌહાણ એમ. બી. એ. ફાયનાન્સ થયેલા છે. કૃષિ ક્ષેત્રમાં સવિશેષ રસ દાખવી રહ્યા છે.જાગૃત ખેડુત પુત્ર ધ્વારા ભિલોડા-ઈડર ધોરીમાર્ગ ઉપર આવેલ ફળદ્રુપ જમીનમાં સુગર ક્વિન બેબી વેરાયટીનું ૮૦ એકર જમીનમાં વાવેતર કરેલ છે.જેમાં ડ્રીપ એરીગેશન પધ્ધતિ ધ્વારા તડબુચ પકવેલા છે.તડબુચનું મબલક ઉત્પાદન મેળવી મબલક કમાણી પણ કરેલ છે.ડ્રીપ એરીગેશન પધ્ધતિ ધ્વારા તડબુચના છોડની યોગ્ય માવજત કરેલ હતી.આ તડબુચની ખેતી ૬૦ થી ૭૦ દિવસની હોય છે. આ તડબુચ મુંબઈ, દિલ્હી, અમદાવાદ સહિત મોટી-મોટી મેગાસીટી જેવા શહેરોમાં વેચાણ અર્થે જાય છે.

આ તડબુચની વિશેષ માંગ ઉભી થયેલ હોવાનું જાણવા મળેલ છે.સરેરાશ ૧૦ ટ્રક માં તડબુચ રોજના ભરાય છે.વેપારીઓ ધ્વારા એક મણ તડબુચ દીઠ રૂા.૧૨૦/-થી રૂા.૧૫૦/-નો ભાવ સરળતાથી આપે છે.એક એકર દીઠ સરેરાશ રૂા.૯૦,૦૦૦/-હજાર થી વધુનું વળતર મળી રહે છે.વીરભદ્રસિંહ ચૌહાણ એમ.બી.એ.ફાયનાન્સ થયેલા ખેડુત પુત્રએ જણાવ્યું હતું કે તડબુચની ખેતીમાં રોગચાળો ઓછો આવતો હોવાથી રાસાયણિક ખાતરોનો મોટા પાયે ખર્ચ બચી જાય છે.મારા પિતાજી લાલસિંહજી ચૌહાણના અનુભવો તેમજ પુરૂષાર્થ ધ્વારા મને સારૂ એવું આ તડબુચની ખેતીમાં માર્ગદર્શન તેમજ ઘણું શીખવા મળેલ છે.ભારત દેશ ખેતીપ્રધાન દેશ છે.આપણા દેશના ખેડુતોને સિંચાઈના પાણી માટે વલખા મારવા પડે છે.આમ છતાંય પરીશ્રમી ખેડુતો પોતાની આગવી કોઠા સુઝ દિર્ધદષ્ટી, વિવેક બુધ્ધીનો સદ્‌ઉપયોગ કરી અદ્યતન ખેતી કરી રહ્યા છે.અસહ્ય મોંઘવારીના જમાનામાં ખેતી ખર્ચાળ બનતી જાય છે.ઓછી મહેનત ધ્વારા વધુ નફાના ધોરણે ખેડુતો તડબુચની ખેતી તરફ દોરાયા છે.

એક તરફ રાસાયણિક ખાતરોના ભાવ આસમાને આબી ગયા છે.બીજી બાજુ મજુરોની તીવ્ર અછત વર્તાય છે.લાંબા સમયની ખેતીમાં ઘણી વખતે આઠ થી દસ મહિના બાદ ખેત ઉત્પાદનના નાણાં ખેડુતના હાથમાં આવતા હોય છે.આ બધી સમસ્યાઓમાંથી છુટકારો મેળવવા માટે જાગૃત ખેડુતો તડબુચની ખેતી ઓછી મહેનત ધ્વારા વધુ નફાના ધોરણે ફાયદાકારક ખેતી તરફ વળ્યા છે.પ્રગતિશીલ જાગૃત ખેડુત પુત્ર વીરભદ્રસિંહ ચૌહાણને તડબુચની ખેતીમાં ભવ્યાતિભવ્ય સફળતા હાંસલ કરતાં ખેડુતો આ પ્રયોગ નીહાળવા આ વિસ્તારના પ્રજાજનો માટે આશ્ચર્યજનક અને આકર્ષણનું કેન્દ્ર બન્યો છે.વીરભદ્રસિંહ ચૌહાણ ધ્વારા દિલ્હી,મુંબઈ સહિત મોટા



મોટા શહેરોમાં વેચાણ અર્થે મોકલેલા તડબુચનો ભાવ એક મણનો રૂા.૧૨૦/- થી ૧૫૦/- મળેલ છે.તડબુચની ખેતીમાં નુકશાનીનો ભય રહેતો નથી.વધુ ૫૦ એકર જમીનમાં તડબુચનું વાવેતર ટુંક સમયમાં ચાલું કરાશે.તડબુચની ખેતીમાં ઓછી મહેનતે વધુ નફો આસાનીથી મેળવી શકાય છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

asian TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ

સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ

Nirmala Tyres

Authorised DEALER : CEAT, APOLLO TYRES

CEAT TYRES　APOLLO TYRES

ઉપલબ્ધ સેવાઓ :

- ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
- ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
- હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
- મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.

રવિવારે શો રૂમ બંધ રહેશે

એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.

૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮

ગાંધીનગરવાસીઓના અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ) ● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ, ● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ ● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર

કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન